# વિરોધપક્ષના નેતાશ્રીનું કાર્યાલય
# ગુજરાત વિધાનસભા, ગાંધીનગર

**અખબારી યાદી** તા.૩૦–૧–૨૦૧૦

- **ભાવનગરના વિકાસ માટે જિલ્લાના સૌ રાજકીય નેતાઓ એક બની સંઘર્ષ કરે.**
- **છેલ્લા ૧૦ વર્ષમાં ભાવનગરના વિકાસ માટે ગુજરાત સરકારે કશું કર્યુ નથી.**
- **"ગરીબ કલ્યાણ મેળા" દવારા કોઈ પણ નવી યોજના આપવામાં આવી નથી. જે રકમ લાભાર્થીઓને ઘેર બેઠા પહોંચાડવી જોઈએ તે રકમ ઘણાં વિલંબ પછી આખો દિવસ બગાડીને લાભાર્થીઓને મુખ્યમંત્રીશ્રીનું ભાષણ તથા પ્રસિધ્ધી માટે બોલાવી આપવામાં આવે છે.**
- **કેન્દ્રમાંથી ભાવનગર જીલ્લાના વિકાસ માટે યુ.પી.એ.ની કોંગ્રેસની કેન્દ્ર સરકારે ચાર માર્ગીય રસ્તાઓ મંજૂર કર્યા.**
- **કલ્પસર અને ધોલેરા બંદર એક બીજાની વિરોધાભાસી યોજનાઓ છે. આમ છતાં માત્ર લોકોને ગુમરાહ કરવા આ બન્ને યોજનાઓની મુખ્યમંત્રીશ્રી ભ્રામક વાતો કરે છે.**

ગુજરાત વિધાનસભા વિરોધક્ષપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે પોતાના મત વિસ્તારના લોક પ્રશ્નો અને સંપર્ક યાત્રા દરમ્યાન ભાવનગર ખાતે પ્રેસ અને મિડીયાના મિત્રોને સંબોધન કરતાં જણાવ્યુ હતું કે, ભાવનગરના વિકાસ માટે ભાવનગરના તમામ રાજકીય નેતાઓએ સહીયારો પુરુષાર્થ કરવાની જરુરિયાત છે. કમનસીબે છેલ્લા દસ વર્ષથી ભાવનગરની સતત ઉપેક્ષા ભાજપની ગુજરાત સરકાર દવારા થતી રહી છે. લાખો કરોડોના એમ.ઓ.યુ. માત્ર કાગળ પર થયા છે. વાસ્તવિક રોકાણ ગુજરાતમાં નજીવા થઈ રહયા છે અને તેમાં સમતુલિત વિકાસ માટેની કોઈ યોજના વિચારાતી નથી.

ભાવનગરમાં આવીને ભાવનગર મહાનગરપાલિકાની ચૂંટણી પહેલાં લાખો રુપિયાના ખર્ચે સમારંભ યોજાયો હતો અને મુખ્યમંત્રીશ્રી હોડીમાં બેસીને દરિયામાં નાળિયેર નાખી જાહેરાત કરી ગયા હતા કે કલ્પસરનું ખાતમૂર્હત કરું છું. હવે આજે વર્ષો વિત્યા પછી કલ્પસરનો ફાઈનલ રીપોર્ટ પણ તૈયાર થયો નથી. ધોલેરાના બંદરના વિકાસની મોટી જાહેરાતો કરી અને બીજી તરફ કલ્પસરના આયોજનમાં ધોલેરા બંદર રહેતુ નથી. આમ લોકોને ગુમરાહ કરવાની વાતોથી વિકાસ ન થાય.

ભાવનગરના વિકટોરીયા પાર્ક અને બોટ તળાવની જગ્યા પ્રજાની માલિકીની છે અને તેને ગુજરાત સરકારે ષડયંત્રથી એક બિલ્ડરને આપી દેવાનો નિર્ણય કર્યો તેની સામે જન લડત તેમજ નામદાર સુપ્રિમ કોર્ટની એમ્પાવર કમિટિના કારણે વિકટોરીયાપાર્ક તથા બોટ તળાવની સોંપણી અટકી શકી છે. નામદાર સુપ્રિમ કોર્ટ પાસે ગુજરાત સરકાર રીવ્યુ પીટીશન ફાઈલ કરે તે માટે સર્વ પક્ષીય દબાણ ઉભુ કરવું જરુરી છે. વિકટોરીયાપાર્ક જંગલને રક્ષિત જંગલમાંથી મુકત કરવાના નિર્ણયને એમ્પાવર કમિટિમાં ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતાશ્રીએ પડકારતા નામદાર સુપ્રિમ કોર્ટની એમ્પાવર કમિટીએ સરકારનો ખુલાસો માગ્યો છે.

કેન્દ્રમાં યુ.પી.એ.ની કોંગ્રેસની આગેવાનીવાળી સરકાર છે અને તેના દવારા પણ ભાવનગરના વિકાસ માટેના ઉપયોગી કામો થાય તે માટેના પ્રયત્નો કોંગ્રેસપક્ષ તરફથી કરવામાં

આવ્યા છે. ભાવનગર– અમદાવાદ શોર્ટ રુટ ચાર માર્ગીય બને અને સાઈડમાં સર્વિસ રોડ પણ બનાવવામાં આવે કે જેથી છ માર્ગીય રસ્તો પ્રાપ્ત થાય તેનો સૈધ્ધાંતિક સ્વીકાર અને મંજૂરી કેન્દ્ર સરકારે આપી દીધી છે. તેજ રીતે ભાવનગર–રાજકોટ હાઈવેને પણ પહોળો બનાવવા અને મજબૂત બનાવવાનો સૈધ્ધાંતિક સ્વીકાર અને મંજૂરી કેન્દ્ર સરકારે આપી છે. ભાવનગર, મહુવા, સોમનાથ એ સૌરાષ્ટ્રના કોસ્ટલ હાઈવે ચાર માર્ગીય બને તે માટે પણ કેન્દ્ર સરકારે મંજૂરી આપી છે. ગુજરાત સરકાર દવારા આ રસ્તાઓ માટે જેટલી વહેલી તકે જમીન સંપાદન કરવાની અને આનુષાંગિક કાર્યવાહી પૂર્ણ થશે તેટલું વહેલુ કામ આ રસ્તાઓનું શરુ થઈ શકશે.

ભાવનગરના ભાલ વિસ્તારને જોડતા ખાડી પરના પુલના કામનો મુદ્દો વિધાનસભામાં કોંગ્રેસપક્ષે ઉઠાવીને કામની ખાત્રી મળ્યા બાદ હાલમાં ખાડી પરના પુલનું કામ ચાલી રહયું છે. તે પૂર્ણ થયે ભાલના ગામોને તથા ભાવનગરના કુંભારવાડાથી લઈ બંદર સુધીના મજદૂરો અને પરિવારોને આવન–જાવન માટે ખૂબ સારી સુવિધા પ્રાપ્ત થશે.

નર્મદા યોજનાનું લાખો કયૂસેક પાણી દરિયામાં વહી જાય છે. તે પાણીને ભાવનગર જિલ્લાના ખાલી તલાવડા તથા ડેમોમાં ભરવું જોઈએ. એજ રીતે સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં પણ હયાત તલાવડાઓમાં નર્મદા યોજનાનું પાણી ભરવુ જોઈએ તેવી માંગણી કોંગ્રેસપક્ષ તરફથી વારંવાર કરવા છતાં ગુજરાત સરકાર નર્મદાનું પાણી સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના હિતમાં યોગ્ય રીતે વાપરતી નથી.

જી.એસ.પી.સી.માં વગર ટેન્ડરે ૪૯૩૩ કરોડ રુપિયા વાપરવામાં આવેલા છે. જે ગુજરાતના ઈતિહાસમાં એક સૌથી મોટો ભ્રષ્ટાચાર છે. ૪૯૩૩ કરોડ રુપિયા ખર્ચી નાખ્યા પછી માત્ર ૨૯૭ કરોડ રુપિયાનો જ ગેસ અને ઓઈલ પ્રાપ્ત થયેલ છે.

ગરીબ કલ્યાણ મેળાના નામે માત્ર તાયફાઓ અને મુખ્યમંત્રીશ્રીની પ્રસિધ્ધી કરવામાં આવે છે. ગરીબ કલ્યાણ મેળામાં એક પણ નવી યોજનાઓનો સમાવેશ કરવામાં આવેલો નથી. મોટા ભાગની યોજનાઓ કેન્દ્ર સરકારની છે અને ગરીબ પરિવારોને ઘેર બેઠા જે રકમ મળી જવી જોઈએ તે મહિનાઓ સુધી આપવામાં આવતી નથી અને જયારે મુખ્યમંત્રીશ્રીની તારીખ મળે ત્યારે આખો દિવસ બગાડી અને લાભાર્થીઓએ જવું પડે છે. એક એક મેળા પાછળ દસ–દસ લાખ રુપિયા માત્ર મુખ્યમંત્રીશ્રીની પ્રસિધ્ધી માટે ઉડાડી દેવામાં આવે છે. તેના બદલે વિધવા બહેનોના પેન્શનના વધારાથી માંડીને ફિકસ પગારના કર્મચારીઓના પગારને યોગ્ય સ્કેલમાં સમાવવા પાછળ પ્રજાના નાણાં વાપરવા જોઈએ.

સમગ્ર દેશમાં સૌથી વધારે વેટનો દર ગુજરાતમાં છે. ગુજરાતમાં છેલ્લા બે વર્ષથી વેટ ઉપરાંત સર્વિસ ચાર્જનો વધારો ૨૫% જેટલો નાખવામાં આવ્યો છે. તેથી મોંઘવારી વધી છે અને વિકાસ રુંધાયો છે.

---

પ્રતિ,
તંત્રીશ્રી,

સદરહુ પ્રેસનોટ આપના અખબારમાં પ્રસિધ્ધ કરવા માન.વિરોધપક્ષના નેતાશ્રીએ વિનંતી કરેલ છે.

(જે.જે.રસાણીઆ)
અંગત મદદનીશ